**૧. જાહેરાત ક્રમાંક:-03/૨૦૨૧:**

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, ગુજરાત સરકાર હસ્તકની ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર (GBRC) હસ્તકની નીચે દર્શાવેલ જગ્યાઓ પર ઉમેદવાર પસંદ કરવા માટે **તા. ૧૫/૧૦/૨૦૨૧ થી તા. ૦૪/૧૧/૨૦૨૧ (૨૩:૫૯:૦૦ કલાક)** સુધીમાં અરજીઓ મંગાવવામાં આવે છે. છેલ્લી તારીખ બાદ મળેલ અરજી માન્ય રાખવામાં આવશે નહી. અરજી અને પસંદગીની પ્રક્રિયા નીચે દર્શાવેલ છે. આ જાહેરાત પૈકી ઉમેદવારે ઓનલાઇન અરજી કરી તેની અરજીની નકલ ઉમેદવારની સહી તથા કલર પાસપોર્ટફોટા સાથે જીબીઆરસીના સરનામે પોસ્ટ અથવા કુરિયર મારફત મોકલવાની રહેશે. અરજી કરવાની અને પસંદગીની પ્રક્રિયા નીચે દર્શાવેલ છે.

**જીબીઆરસીની સંવર્ગવાર જગ્યાઓ:**

| જગ્યાનું નામ | કુલ ખાલી જગ્યાઓ બિન અનામત (સામાન્ય) |
|---|---|
| વૈજ્ઞાનિક-ડી અને સંયુક્ત નિયામક | ૧ |
| કુલ | ૧ |

ખાસ નોંધ: ઉપર દર્શાવેલ ખાલી જગ્યાઓની સંખ્યામાં ફેરફાર જરૂરી બનશે તો તે કરવાનો હકક જીબીઆરસીનો રહેશે અને તે ઉમેદવારોને સ્વીકાર્ય રહેશે.

**૨. નાગરિકત્વ:**

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

**૩. ઉંમર અને તેમાં છૂટછાટ:**

3(a) અરજી કરવાની છેલ્લી તારીખ : **૦૪/૧૧/૨૦૨૧(૨૩:૫૯:૦૦ કલાક)** ના રોજ ઉમેદવારે ૧૮(અઢાર) વર્ષ પૂરા કરેલ હોવા જોઈએ અને ઉપલી વયમર્યાદા પૂરી કરેલ ન હોવી જોઈએ. ઉપલી વયમર્યાદા ટેબલ ૪(૧) માં દર્શાવેલ છે.

3(b) ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

3(c) ઉપલી વયમર્યાદામાં જી.એ.ડી. નોટીફિકેશન નંબર GS/36/2015/CRR/11-2008/282323/GS-5 dated-23/10/2015 પ્રમાણે કોઈ પણ કિસ્સામા વય મર્યાદામા ૪૫ વર્ષથી વધુ ના કિસ્સામા છૂટછાટ મળવા પાત્ર નથી. જેના અનુસંધાનમાં વયમર્યાદામાં કોઈપણ છૂટછાટ મળવા પાત્ર નથી.

**૪. જીબીઆરસીની વૈજ્ઞાનિક-ડી અને સંયુક્ત નિયામકની જગ્યાઓની લાયકાત:**

| ૧ | જગ્યાનું નામ | વિગતો | | |
|---|---|---|---|---|
| | વૈજ્ઞાનિક-ડી અને સંયુક્ત | ૧ | શૈક્ષણિક લાયકાત | (i) Ph.D. in Science/ Engineering/ Technology/ Veterinary Science/ Pharmacy in any subject mentioned in the **Annexure-I to this advertisement** from any of the Universities established or incorporated by or under the Central or State or a Provincial Act in India; or any other educational institution recongised as |

| | | | | |
|---|---|---|---|---|
| | નિયામક (ગ્રુપ-૧) | | | such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; **and**<br>(ii) Master's degree in Science/ Engineering/ Technology / Veterinary Science/ Pharmacy in any subject mentioned in the **Annexure-I to this advertisement** with at least 60% marks from any of the Universities established or incorporated by or under the Central or State or a Provincial Act in India; or any other educational institution recongised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; |
| | | ૨ | અનુભવ | Minimum 10 years of experience in research and development activities in genomics or bioinformatics or conservation biotechnology or marine biotechnology or related areas of research and development. Any type of fellowship period will not be considerd as experience for the post. |
| | | ૩ | ઉંમર | Not be more than 50 years of age |
| | | ૪ | કોમ્પ્યુટરની જાણકારી | ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના સરકારી ઠરાવ નં-સીઆરઆર/૧૦-૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું પ્રાથમિક જ્ઞાન(બેઝિક નોલેજ) ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈ પણ ડીગ્રી અથવા ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષયક તરીકે હોય તેના પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦ અથવા ધોરણ ૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. |
| | | ૫ | ભાષાઓની જાણકારી | ઉમેદવારને ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઈએ. |
| | | ૬ | પગાર ધોરણ (પે મેટ્રીક્સ) | રૂ.૭૮,૮૦૦-૨,૦૯,૨૦૦(લેવલ-૧૨)(સાતમાં પગાર પંચ મુજબ) |

**<u>૫. પગાર ધોરણ</u>** :

૫(a) પે મેટ્રીક્સ - રૂ.૭૮,૮૦૦-૨,૦૯,૨૦૦(લેવલ-૧૨) તથા નિયમોનુસાર મળવાપાત્ર અન્ય ભથ્થાઓ (૭ મા પગારપંચ મુજબ).

૫(b) અજમાયશી સમય દરમ્યાન ઉપરોકત દર્શાવેલ જગ્યામા ઈજાફો આપવામાં આવશે નહિ. તેમ છતાં સક્ષમ સત્તાધિકારી દ્વારા અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ થયે ઈજાફો મંજૂર કરવામાં આવશે.

૫(c) ગુજરાત સરકારની નોકરીમા હોય તેવી વ્યક્તિઓનો પગાર ગુજરાત મુલ્કી સેવા નિયમો અનુસાર ઉપર્યુકત પગાર ધોરણમા નિયત કરવામાં આવશે.

૫(d) ફરજો: સરકાર તરફથી સંબંધિત જગ્યા માટે વખતો વખત સોંપવામાં આવ તે કામગીરી.

**૬. વિધવા ઉમેદવાર**:

સામાન્ય વહિવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૮૬/૨૨૧૩/ગ(૨)માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૦૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે, પરંતુ તેઓએ ભરતી પ્રક્રીયા તથા નિમણૂંક સમયે પુન: લગ્ન કરેલ ન હોવા જોઇએ. ઉપરાંત જીબીઆરસીની કચેરી માંગે ત્યારે તેના જરૂરી તમામ પુરાવાઓ અસલમાં જીબીઆરસીની કચેરીમાં રજુ કરવાના રહેશે.

**૭. રમતગમતમાં ભાગ લીધેલ ઉમેદવાર:-**

માન્ય રમતગમતની માન્ય સ્પર્ધાઓમાં વિજેતા થયા/ભાગ લીધેલ હોવાના નિયત નમુનાના પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ૨ તથા તા.૧/૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ ગ.૨ તથા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૯૯/યુઓ/૪૧૧૦/ગ-૨ તા.૧૮-૪-૨૦૦૧ તેમજ વખતો વખતના સરકારશ્રીના ઠરાવોની જોગવાઈ મુજબ નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર જીબીઆરસી માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના વધારાના મળવાપાત્ર ગુણ માટે હકકદાર થશે. અરજીપત્રકના કોલમમાં Sports વિગતો દર્શાવનાર ઉમેદવારે જીબીઆરસી માંગે ત્યારે ઉક્ત ઠરાવથી નિયત નમૂનામાં ઠરાવેલ આવુ પ્રમાણપત્ર રજૂ નહી કરી શકે તો આવા ઉમેદવારને Sports ના વધારાના ગુણ મળવાપાત્ર થશે નહી.

**૮. સામાન્ય શરતો**:

૮(a) ભરતી પ્રક્રિયા અંગેની તમામ કાર્યવાહી જીબીઆરસી દ્વારા અને જરૂર જણાય ત્યાં ચેરમેનશ્રી, પસંદગી સમિતિની મંજૂરીથી હાથ ધરવાની રહેશે. સમગ્ર ભરતી પ્રક્રિયા દરમિયાન કોઇ વિશેષ મુદ્દો ઉપસ્થિત થશે તો તે બાબતે ચેરમેનશ્રી, પસંદગી સમિતિ અને સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો નિર્ણય આખરી રહેશે.

૮(b) અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ કે તેમાં ફેરફાર કરી શકાશે નહી.

૮(c) ઉમેદવારે અરજીપત્રકમાં કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકીગુણ (Qualifing Marks)મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે.

૮(d) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

૮(e) ગુજરાત સરકારના કર્મચારી આ જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અચૂક કરવાની રહેશે અને જાણ કરેલ હોવાનો પુરાવો જીબીઆરસી માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે.

૮(f) આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો જીબીઆરસીને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી ફી પરત મળવાપાત્ર થશે નહીં.

**૯. અરજી ફી :**

ઉમેદવારે અરજી ફી રૂા ૫૦૦/- ચૂકવવાની રહેશે. આ જાહેરાત અનુસંધાને અગર કોઈ ઉમેદવાર દ્વારા ફી ચૂકવેલ નહીં હોય અથવા ઉક્ત દર્શાવેલ ફી કરતાં ઓછી ફી ભરેલ હશે તો તેઓની અરજી રદ થવા પાત્ર ઠરશે.

**૧૦. Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-**

આ જાહેરાતના સંદર્ભમાં જીબીઆરસી દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તારીખ ૧૫/૧૦/૨૦૨૧ થી તારીખ ૦૪/૧૧/૨૦૨૧ રાત્રિના ૨૩.૫૯ સુધીમાં https://job.gbrc.res.in પર ઓનલાઇન અરજી ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૪) Steps અનુસરવાના રહેશે.

૧૦(a) ઉમેદવારે અરજી શરૂ કરતાં પહેલા નીચે મુજબની ફાઇલ્સ તૈયારી રાખવી હિતાવહ છે.

| વિગત | ફૉર્મેટ/માહિતી |
|---|---|
| Passport Photograph | JPEG/JPG (Max. 15KB) |
| Signature | JPEG/JPG (Max. 15KB) |
| Graduate Final year marksheet | PDF (Max. 250KB) |
| Postgraduate Final year marksheet | PDF (Max. 250KB) |
| Ph.D. Declaration/Notification certificate | PDF (Max. 250KB) |
| Ph.D. Degree certificate | PDF (Max. 250KB) |
| Relevent Experience certificate(s) | PDF (Max. 250KB) |
| CV or Resume | PDF (Max. 250KB) |
| Fees Paid receipt from SBI | JPEG/JPG (Max. 250KB) |

૧૦(b) સૌ પ્રથમ https://job.gbrc.res.in પર જવું આ વેબ પોર્ટલ પર પસંદગીના સંવર્ગ સામે "REGISTER HERE" પર ક્લિક કરી ઉમેદવારે પોતાની પ્રાથમિક માહિતી ભરવાની રહેશે. અહી પ્રાથમિક માહિતી અંતર્ગત ઉમેદવારે પોતાની વિગત, ભાષાની માહિતી, ફી ભર્યાની માહિતી. આ પ્રાથમિક માહિતી ભર્યા બાદ ઉમેદવારે પોતાનો ઈ-મેઇલ આઈડી વેરીફાય કરવાનો રહેશે. (અહી આપેલ મોબાઈલ નંબર તથા ઈ-મેઇલ આઈડી ઉમેદવાર નો ખુદનો હોય તે હિતાવહ છે તેમજ સંપૂર્ણ ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આપેલ નંબર ચાલુ રહે તેની તકેદારી રાખવી).

૧૦(c) "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગતો ટીક કરવી.

૧૦(d) ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો ફોટો અપલોડ કરવાનો રહે છે. (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (15 KB) સાઇઝ થી વધારે નહિ તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Open ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહશે.

૧૦(e) ઉપરોક્ત સ્ટેપ પૂર્ણ થયેથી ઉમેદવારને ઈમેઇલ વેરિફિકેશન કરવાનું રહેશે. એક વખત ઈમેઈલ વેરિફિકેશન થયા બાદ ઉમેદવારે પોર્ટલમાં લૉગિન કરવાનું રહેશે અને પોતાની શૈક્ષણિક તથા અનુભવની માહિતી આપવાની રહેશે.

૧૦(f) "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શૂન્ય" ભરવાની રહેશે. અહી ઉમેદવારે જાહેરાતમાં આપેલ વિષય પૈકી કોઈ પણ એક વિષય સાથે ડિગ્રી હોવી અનિવાર્ય છે.

૧૦(g) શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવી હોય તો ઉમેદવારે ટકાવારી માં રૂપાંતર કરીને માહિતી ભરવાની રહેશે.

૧૦(h) Experience Details (અનભુવની માહિતી) માં ઉમેદવારે પોતે લાયકાત મેળવ્યા બાદ નો મેળવેલ અનુભવ/નોકરીના વર્ષ અને તારીખની ક્રમાનુસાર વિગતો ભરવી.

૧૦(i) અનુભવની માહિતીમાં ફેલોશીપ મેળવેલ અનુભવ માન્ય ગણવામાં આવશે નહીં તેની ઉમેદવારે નોંધ લેવી.

૧૦(j) એક કરતાં વધુ વખત કરેલ અરજીના કિસ્સામાં પ્રથમ અરજી માન્ય ગણવામાં આવશે.

૧૦(k) અરજી કરતાં પહેલા ઉમેદવારે ફી જમા કરાવવાની રહેશે. અને કોઈ પણ સંજોગોમાં અરજી ફી પાછી મળવાપાત્ર રહેશે નહીં.

૧૦(l) આ જાહેરાત અંતર્ગત દરેક ઉમેદવારે પોતાની ચૂકવવાની થતી ફી SBI- Collect (https://www.onlinesbi.sbi/sbicollect/) મારફત ભરવાની રહેશે જેની પ્રકીયા નીચે દર્શાવેલ છે.

૧૦(l).i સૌપ્રથમ "I have read and accepted the terms and conditions stated above" ચેક બોક્સ "click" કર્યા બાદ "Proceed" પર "click" કરવું.

૧૦(l).ii ત્યારબાદ "State of Corporate / Institution * " ઓપ્શન માંથી "Gujarat" સિલેકટ કરવું તથા "Type of Corporate / Institution * " પૈકી "Govt. Department" સિલેકટ કરી go બટન પ્રેસ કરવું

૧૦(l).iii ત્યારબાદ "Govt Department Name*" પૈકી "GUJARAT BIOTECHNOLOGY RESEARCH CENTRE" સિલેકટ કરી go બટન પ્રેસ કરવું

૧૦(l).iv ત્યારબાદ ઉમેદવારે "Select Payment Category*" લાગુ પડતા સંવર્ગને પસંદ કરી માંગવામાં આવેલ દરેક માહિતી ભરી પસંદગીની પેમેન્ટ સુવિધા મારફતે પેમેન્ટ કરવું.

૧૦(l).v સફળ પેમેન્ટ બાદ ઉમેદવારે પેમેન્ટ રેફરન્સ નંબર નોંધિ લેવો તથા પેમેન્ટ રિસીપ્ટ સેવ કરી લેવી જેનો ઉપયોગ અરજી માટે કરવાનો રહેશે.

૧૦(m) દરેક ઉમેદવારે અરજી કર્યા બાદમાં પ્રિન્ટ કરેલી એપ્લીકેશનમાં નિયત જગ્યાએ પોતાનો ફોટો ચોટાડી, સહી કરવાની રહેશે.

૧૦(n) ઉમેદવારે સહી કરેલ અરજી ની પ્રિન્ટ, તેમજ જરૂરી બધાજ દસ્તાવેજ જીબીઆરસીને **"જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ"** લખી નીચેના સરનામા ઉપર પોસ્ટ અથવા કુરિયર મારફત મોકલી

આપવાની રહેશે. (ઉમેદવારે અરજી કચેરીને ૦૯/૧૧/૨૦૨૧, ૧૮:૦૦:૦૦ વાગ્યા સુધી માં પહોચડવાની રહેશે. તેમજ, ત્યાર બાદ આવેલ અરજી માન્ય ગણવામાં આવશે નહીં અને ઉમેદવારી રદ્દ ગણવામાં આવશે).

**સરનામું:**

**ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર,**
**ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી,**
**એમ.એસ. બિલ્ડિંગ, ૬ઠ્ઠો માળ,**
**ઘ-રોડ, સેક્ટર-૧૧,**
**ગાંધીનગર, ગુજરાત ૩૮૨૦૧૧.**
**ફોન: ૦૭૯-૨૩૨૫૮૫૦૦.**

૧૦(o) અરજી મળ્યા બાદ જીબીઆરસી દ્વારા તેની પ્રાથમીક ચકાસણી કરવામાં આવશે. જેમાં ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ ફીની માહિતી વેરીફાય કર્યાબાદ અરજી આગળની ચકાસણી માટે લેવામાં આવશે.

૧૦(p) આ ભરતી જાહેરાત અન્વયે કુલ જગ્યાની સંખ્યા સામે નોંધાયેલ કુલ online Application (Duplicate Applications તથા પ્રાથમિક ચકાસણી માં અયોગ્ય ઠરેલ અરજી બાદ કર્યા પછી Valid Online Applications) ની સંખ્યા ૨૫ કરતાં વધુ હોય ત્યારે તે જાહેરાત અન્વયે પ્રથમ લેખિત કસોટી યોજવામાં આવશે અને લેખિત કસોટીના પરિણામને ઉમેદવારો પાસેથી અરજીપત્રક અને જરૂરી દસ્તાવેજો મેળવી આગળની કાર્યવાહી કરવામાં આવશે. પરંતુ જો સીધી પસંદગીથી ભરતી અન્વયે જીબીઆરસી દ્વારા પ્રસિદ્ધ થયેલ જાહેરાત અન્વયે નોંધાયેલ કુલ Online Valid Applications ની સંખ્યા ૨૫ કે તેથી ઓછી હોય તો બધા જ ઉમેદવારો પાસેથી અરજીપત્રક તથા જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી તમામ દસ્તાવેજ મંગાવી પ્રથમ અરજી ચકાસણી બાદ લેખિત કસોટી યોજવામાં આવશે.

૧૦(q) મળેલ બધીજ અરજીની પ્રાથમિક ચકાસણી કર્યા બાદ માન્ય અરજીઓ (Valid Applications)નું લિસ્ટ જીબીઆરસીની વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે. તેમજ યોગ્ય ઉમેદવારોને ઈ-મેઇલ થી જાણ કરવામાં આવશે. આ સાથે અમાન્ય અરજીઓ (Invalid –Rejected Applciations)નું લિસ્ટ પણ વેબ સાઇટ ઉપર મૂકવામાં આવશે. જાહેર કરેલ યાદીમાં કોઈ પણ પ્રકારનો વાદ-વિગ્રહ અગર જણાયતો જે-તે ઉમેદવારે જાતે જીબીઆરસીને જરૂરી દસ્તાવેજો સાથે માત્ર ઈ-મેઇલ દ્વારા અરજી/આવેદન કરવાનું રહેશે. આ માટેનો માન્ય સમય ૩ દિવસ પૂરતો જ રહેશે તે બાદ મળેલ કોઈ પણ અરજીને ધ્યાને લેવામાં આવશે નહીં.

૧૦(r) ઉપરોક્ત પ્રક્રિયા પૂર્ણ થયેથી આખરી માન્ય અરજીઓ (Final Valid Applications)નું લિસ્ટ જીબીઆરસી વેબસાઇટ પર રાખવામાં આવશે.

૧૦(s) દરેક ઉમેદવારને જીબીઆરસી અથવા તેની નિયુક્ત કરેલી સંસ્થા દ્વારા ઈ-મેઇલ અને/અથવા પત્ર દ્વારા પરીક્ષા અર્થે કોલ-લેટર મોકલવામાં આવશે. જેમાં પરીક્ષા સેન્ટર, સમય, ઉમેદવારની માહિતી તેમજ અગત્યની પરીક્ષા લક્ષી સૂચનાઓનો સમાવેશ કરવામાં આવશે.

૧૦(t) કોઈ પણ ઉમેદવાર ને કોલ-લેટર વગર પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવા દેવામાં આવશે નહીં.

## ૧૧.પસંદગીની પ્રક્રિયા:-

જાહેરાતની જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર તમામ ઉમેદવારે Screening Test બાદ ઉમેદવારે મૌખિક કસોટીની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. પરંતુ પસંદગી સમિતિને યોગ્ય અને જરૂરી લાગશે તો તેમાં જરૂરી ફેરફાર કરી શકશે.

**૧૧(a) Screening Test:**

(i) ઉપરોક્ત જગ્યાઓ માટે સૌ પ્રથમ Screening Test યોજવામાં આવશે. પસંદગી સમિતિ દ્વારા નિયત કરાયેલ લાયકી ગુણ ધરાવતા ઉમેદવારોને મૌખિક કસોટી માટે બોલવવામાં આવશે. Screening Test માં ૫૦% કરતાં ઓછા ગુણ મેળવનાર ઉમેદવારોને મૌખિક કસોટી માટે પસંદ કરવામાં આવશે નહી. આ કસોટીના અંતે ભરવાપાત્ર જગ્યાના આશરે ૬ (છ) ગણા ઉમેદવારોને મૌખિક કસોટી માટે પસંદ કરવામાં આવશે.

(ii) Screening Test ૨૦૦ માર્કસની, ૨૦૦ પ્રશ્નોની અને MCQ પ્રકારની રહેશે અને ઓનલાઇન અથવા OMR based લેવામાં આવશે. Screening Test માટે ૧૨૦ મિનિટનો સમય રહેશે.

(iii) વૈજ્ઞાનિક-ડી અને સંયુકત્ત નિયામકની જગ્યાઓ માટે Screening Test નો સિલેબસ Annexure-II મુજબનો રહેશે.

**૧૧(b) મૌખિક કસોટી:**

(i) Screening Test માં પસંદગી સમિતિએ નિયત કરેલ લાયકી ગુણ(qualifying marks) મેળવનાર ઉમેદવારો પૈકી ભરતી માટે દર્શાવેલ ખાલી જગ્યાના આશરે ૬ (છ) ગણા ઉમેદવારોને મૌખિક કસોટી માટે બોલાવવામાં આવશે.

(ii) આ કસોટીમાં ઉમેદવારે હાજર રહેવું ફરજિયાત છે. ગેરહાજર રહેનાર ઉમેદવારો પસંદગી માટે પાત્રતા ધરાવશે નહી.

**૧૧(c) વેઇટેજ:**

Screening Test નુ વેઇટેજ ૫૦% અને મૌખિક કસોટીનું વેઇટેજ ૫૦% રહેશે. Screening Test અને મૌખિક કસોટી બંનેનું વેઇટેજ ૫૦% થી ઓછુ થશે તે ઉમેદવાર પસંદગીને પાત્ર ગણાશે નહીં. જે તે જગ્યાની પસંદગી યાદી તૈયાર કરવા માટે જાહેરાતમાં દર્શાવેલ જગ્યાની સંખ્યાને ધ્યાને લેવામાં આવશે.

## ૧૨. પરિણામ :

૧૨(a) આખરી પસંદગી પામેલ, પ્રતિક્ષા યાદી(wait listed) પરના તથા મૌખિક કસોટી માટે લાયકી ગુણ(qualifying marks) મેળવેલ ઉમેદવારોની વિગતો જીબીઆરસીની વેબસાઈટ પર મૂકવામાં આવશે.

૧૨(b) પસંદગી નહી પામેલ ઉમેદવારોની વિગત અને તેઓએ screening test માં મેળવેલ ગુણ પણ જીબીઆરસીની વેબસાઇટ પર મૂકવામાં આવશે.

**૧૨(c) પ્રતિક્ષા યાદી (waiting list) ની જોગવાઇઓ:**

પ્રતિક્ષા યાદીની મુદત અને પ્રતિક્ષા યાદીના ઉપયોગ અંગેની જોગવાઇઓ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૭/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ મુજબની રહેશે તેમજ સરકારશ્રીના આ અંગેના વખતો વખત ના ઠરાવ મુજબની રહેશે.

**<u>૧૩. નિમણૂંક :</u>**

૧૩(a) ઉમેદવારોની નિમણૂંક માટે પસંદગી યાદીને ધ્યાનમાં રાખી વિચારવામાં આવશે. પરંતુ પસંદગી યાદીમાં સામેલ થવાથી નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી.

૧૩(b) ઉમેદવાર જે જગ્યા પર નિમણૂંક માટે બધી રીતે યોગ્ય છે તે માટે જરૂરી લાગે તેવી તપાસ પછી, સંતોષ ન થાય તો તેવા ઉમેદવારની નિમણૂંક કરવામાં આવશે નહિ.

૧૩(c) પસંદગી પામેલ ઉમેદવારને બે વર્ષની અજમાયશી સમયગાળા દરમ્યાનની સેવા અને ઠરાવેલ શરતો સંતોષકારક રીતે પુર્ણ કરવાથી તેઓ નિયમિત નિમણુંકને પાત્ર થશે.

૧૩(d) નિમણૂંક પામેલ ઉમેદવારે જે-તે સંસ્થાના નિયમો મુજબની/ સરકારશ્રી ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે.

૧૩(e) જાહેરાતમાં અન્યથા જોગવાઈ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

૧૩(f) ઉમેદવારની નિમણૂંક જે તે સંસ્થા અમલમાં હોય તેવા ભરતી અને સેવા નિયમો / સરકારશ્રીના અથવા સરકારશ્રી ઠરાવે તેવા નિયમોને આધિન રહેશે.

૧૩(g) ઉમેદવારને જે જગ્યા માટે નિમણૂંક આપવામાં આવે તે જગ્યા પર નિયત સમયમાં હાજર ન થાય તો તેઓની નિમણૂંક રદ કરવામાં આવશે.

**<u>૧૪. ચેતવણીઓ :</u>** જો કોઈ ઉમેદવાર

**૧૪(a)** તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે પસંદગી સમિતિના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,

**૧૪(b)** બીજાનું નામ ધારણ કરવા માટે,

**૧૪(c)** બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,

**૧૪(d)** બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,

**૧૪(e)** યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,

**૧૪(f)** પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,

**૧૪(g)** પરીક્ષા દરમ્યાન ગેર વ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્ત લિખિત

સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે,

**૧૪(h)** લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે,

**૧૪(i)** પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેર-વર્તણૂક કરવા માટે,

**૧૪(j)** પરીક્ષાના સંચાલન માટે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે,

**૧૪(k)** પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગારી કરવા માટે,

**૧૪(l)** પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલ કોઈપણ સૂચનાનો ભંગ કરવા માટે, દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો, તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત–(ક) તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી તેને ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી અથવા (૨) કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે બાકાત કરી શકશે. પરંતુ તે અર્થે પોતે રજુઆત કરવા ઈચ્છે, તો ઉમેદવારને, લેખિતમાં એવી રજુઆત કરવાની તક આપવામાં આવે તે સિવાય ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળની કોઈપણ શિક્ષા કરી શકાશે નહિ. (ગ) તદઉપરાંત જો તે અગાઉ સરકારી નોકરીમાં હોય તો, સંબંધિત નિયમો હેઠળ શિસ્તભંગના પગલાં લઈ શકાશે.

**૧૪(m)** ઉમેદવાર પોતે કોઈ પણ જગ્યાની આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહીં. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણુંક 'રદ' કરીને પડતો મુકી શકાશે. નિમણુંક બાબતે જીબીઆરસીનો નિર્ણય આખરી ગણાશે.

## **૧૫. અગત્યની સૂચનાઓ :**

**૧૫(a)** ઉમેદવારને પોતાની સાથે સેલ્યુલર ફોન, ટેબ્લેટ, કેલ્કયુલેટર અથવા બીજી કોઈ મોબાઈલ સંદેશા વ્યવહારના ઈલેકટ્રોનિક્સ–બ્લ્યુ ટુથ સાધનો પરીક્ષા ખંડમાં સાથે લઈ જવાની છૂટ નથી, જેના ભંગ બદલ ઉમેદવારો માટે નિર્દિષ્ટ કરાયેલ શિક્ષાને પાત્ર બનશે.

**૧૫(b)** ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો, ભરતી પરીક્ષા નિયમો અને જાહેરાતની જોગવાઈ તથા લાગુ પડતા અન્ય હુકમો મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.

**૧૫(c)** જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

**ANNEXURE-I**

1. Biotechnology
2. Microbiology
3. Biochemistry
4. Molecular Biology
5. Molecular Biology & Biotechnology
6. Bioinformatics
7. Biostatistics
8. Ecology
9. Environmental Science
10. Environmental Biotechnology
11. Marine Biology
12. Marine Biotechnology
13. Fisheries
14. Aquatic Biology
15. Medical Biotechnology
16. Medical Microbiology
17. Medical Biochemistry
18. Pharmaceutical Science
19. Pharmaceutical Biotechnology
20. Industrial Biotechnology
21. Biomedical Technology
22. Forensic Biotechnology
23. Genetics
24. Human Genetics
25. Animal Genetics
26. Plant Genetics
27. Food Biotechnology
28. Agriculture,
29. Agricultural Biotechnology
30. Botany
31. Plant Biotechnology
32. Plant Microbiology
33. Plant Science
34. Animal Biotechnology
35. Zoology
36. Animal Science
37. Veterinary Science
38. Biological Engineering
39. Biomedical Engineering
40. Biomedical Engineering & Instrumentation
41. Bioscience
42. Life Science

# ANNEXURE-II

## Syllabus for the Screening Test for the Post of Scientist-D & Joint Director

Duration: 2 hours | Total Marks: 200

### Part-I (Gujarati Meduim)

| Subject | Marks |
|---|---|
| Gujarati language and Grammer | 25 |
| English language and Grammer | 25 |
| **Total of Part-I** | **50 marks** |

### Part-II (English Meduim)

| S. No. | Topics | Marks |
|---|---|---|
| 1 | Fundamental of Biology | 150 Marks |
| 2 | Basic Biochemistry | |
| 3 | Animal Biotechnology | |
| 4 | Plant Biotechnology | |
| 5 | Microbiology | |
| 6 | Medical Biotechnology | |
| 7 | Industrial Biotechnology | |
| 8 | Recombinant DNA technology and Genetic Engineering | |
| 9 | Molecular Genetics | |
| 10 | Immunology | |
| 11 | Environmental Biotechnology | |
| 12 | Nano Biotechnology | |
| 13 | Regulatory Affairs and IPR | |
| 14 | Basic Bioinformatics | |
| 15 | Marine Biotechnology | |
| | **Total of Part-II** | 150 Marks |
| | **Total of Part-I & II** | 200 Marks |

Part-I and II shall be of the objective type (Multiple choice questions). Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.